**પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.**
**પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧**
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં .૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામુ ::

## ફોજદારી કાર્યરીત અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ -૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

**ક્રમાંકઃ એસ.બી./ જાહેરનામું / હોળી-ધૂળેટી/૩૧/૨૦૨૩**

આગામી તા.૦૭/૦૩/૨૦૨૩ ના રોજ હોળી તથા તા.૦૮/૦૩/૨૦૨૩ના રોજ ધૂળેટીના તહેવારની ઉજવણી થનાર છે. સામાન્ય સંજોગોમાં હોળી/ધુળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો, તથા રસ્તાઓ ઉપર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. તેમજ આ તહેવારની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા જતા રાહદારીઓ તથા વાહનોમાં આવતા જતા લોકો પાસેથી હોળી-ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવતા , તેઓ ઉપર રંગ, રંગ મિશ્રીત પાણી, કાદવ અથવા તૈલી વસ્તુઓ ફેંકવાની શક્યતા રહેતી હોય છે. આવા કૃત્યો થી જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઇજા થવાની અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતા નકારી શકાય નહીં, તેમજ સુરત શહેર વિસ્તારમાં કેટલાક કૃત્યો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

### :: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) હોળીના તહેવાર સંદર્ભે પરંપરાગત રીતે મર્યાદિત સંખ્યા સાથે હોળી પ્રગટાવી શકાશે. તેમજ હોળીની પ્રદક્ષિણા સાથે ધાર્મિક વીધી પણ કરી શકાશે. પરંતુ હોળી દહનના કાર્યક્રમ દરમ્યાન ભીડ એકત્રિત ન થાય તે અંગે આયોજકોએ તકેદારી રાખવાની રહેશે.

(૨) હોળી-ધુળેટીના તહેવારમાં કોઇ પણ વ્યક્તિઓ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ ઉપર અથવા મકાનો અથવા મિલ્કતો, વાહનો ઉપર અથવા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ અથવા રંગ મિશ્રિત કરેલા પાણી અથવા તૈલી તથા આવી બીજી કોઇ વસ્તુઓ નાખવી નંખાવવી નહીં અથવા હોળી ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહીં અથવા બીજા કોઇ ઇરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહન રોકવા નહીં

.

### :: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

### :: પ્રતિબંધિત સમય ::

આ જાહેરનામાનો અમલ તા.૦૬/૦૩/૨૦૨૩ ના ક.૦૦-૦૦ થી તારીખ:૦૯/૦૩/૨૦૨૩ ના ક.૨૪-૦૦ સુધીનો રહેશે.

### :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

. આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: **જાહેર વિજ્ઞપ્તિ** ::

આ હુકમનો જાહેર જનતાને જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે, જી.પી.એક્ટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમનો જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તા. ૦૪/૦૩/૨૦૨૩ નારોજ મારી સહી સિકકા કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી-૧,૨ તથા ટ્રાફિક અને ક્રાઇમ,સુરત શહેર
(૨). નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
**(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)**
(૫) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. ( જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)